# મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મંડળ, પુણે-૫
## કૃતિ પત્રિકા (ગુજરાતી)
## ધોરણ - દસમું (સંયુક્ત)

ગુણ - ૪૦ સમય - ૨ કલાક

## વિભાગ ૧ - ગદ્ય

**પ્રશ્ન ૧ અ) નીચેનો ગદ્યખંડ વાંચી આપેલ કૃતિ કરો :-** (૨)

**અ-૧ ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.**

૧) ધીમે ધીમે લોકો વસતા ગયા અને એમ કરતાં આ નાનકડું શહેર થયું.
૨) ન્યૂઝીલેન્ડમાં 'બૉમ્બે' નું નામ એક અંગ્રેજ લઈ ગયો.
૩) ન્યૂઝીલેન્ડમાં 'બૉમ્બે' નામનું શહેર છે.
૪) કોઈ બ્રિટિશ અમલદારે નિવૃત્ત થઈને ન્યૂઝીલેન્ડમાં વસવાટ કરવાનું વિચાર્યું.

'હું બિલકુલ મજાક કરતો નથી. સાચું જ કહું છું કે આ બૉમ્બે શહેર છે.' એમ કહી એણે દૂર એક પાટિયું વંચાવ્યું. એની વાત સાચી હતી. જે શહેરમાંથી અમે પસાર થઈ રહ્યાં હતાં તે શહેરનું નામ બૉમ્બે જ હતું. ન્યૂઝીલેન્ડમાં બૉમ્બે નામનું શહેર છે એ તો મેં ક્યારેક સાંભળ્યું નહોતું. કેવી રીતે એ શહેરનું નામ બોમ્બે પડ્યું હશે, તે વિશે મનમાં પ્રશ્ન થયો. મેં ડ્રાઈવરને પૂછ્યું. એણે કહ્યું, 'સો એક વર્ષ પહેલાં બૉમ્બેમાં રહેલા કોઈ બ્રિટિશ અમલદારે નિવૃત્ત થઈને ન્યૂઝીલેન્ડમાં વસવાટ કરવાનું વિચાર્યું. અહીં આવીને એણે ઘણા એકર જમીન ખરીદી લીધી અને પોતાની એ એસ્ટેટને 'બૉમ્બે' નામ આપ્યું હતું. ત્યાં ધીમે ધીમે લોકો વસતા ગયા અને એમ કરતાં આ નાનકડું શહેર થયું.'

યુરોપિયનો અને એમાં ખાસ કરીને અંગ્રેજો દૂર દૂર વસવાટ માટે જયાં ગયા ત્યાં કેટલાંક સ્થળોને એમણે પોતાના વતનનાં નામ આપ્યાં છે. એ રીતે અમેરિકામાં તો લંડન, પિટ્સબર્ગ, ઑક્સફર્ડ, કૅમ્બ્રિજ વગેરે નામનાં શહેરો છે, મોસ્કો નામનું શહેર પણ અમેરિકામાં છે. એ પ્રમાણે ન્યૂઝીલેન્ડમાં 'બૉમ્બે' નું નામ એક અંગ્રેજ લઈ ગયો. ઇંગ્લંડનાં પોતાના વતનના નામને યાદ ન કરતાં બૉમ્બેને એણે યાદ કર્યું એ બતાવે છે કે બૉમ્બે એને કેટલું વહાલું હશે !

**અ-૨ વિશેષણ લખો.** (૨)

૧) ................ અમલદાર ૩) .................. વાત
૨) ............... શહેર ૪) ............... વતન

અ-૩ તમે જોયેલા 'બૉમ્બે' શહેરનું વર્ણન કરો. (૨)

**(બ) નીચેનો ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.** (૨)

**૧) કોણ તે લખો.**

૧) બાની નાની દીકરી ( )
૨) બાનો દીકરો ( )
૩) બાની મોટી દીકરી ( )
૪) બાપુજીના પત્નીનું નામ ( )

માના પગ એમના મગજમાં ચાલતા વિચારોના ઘમાસાણનું પ્રતિબિંબ પાડતા હોય એમ જલદી જલદી ઉપડવા લાગ્યા. આ રૂમમાં પણ મન ઠરતું નથી. જીવ જાણે ગૂંચવાયા જ કરે છે. એવું લાગે છે કે જાણે ક્યાંક કશાનો આધાર લઈને બેસી જાય છે. પણ આધાર કયાં ને કોનો શોધવો?

આધાર તો હતો એમનો. બાની આંખો સામે પતિનો ચહેરો તરવરી રહ્યો. યાદ આવ્યો એ દિવસ જ્યારે દૂર દૂરના એક ગામડામાં પોતે પણ પતિ જોડે રખડવા નીકળી પડી હતી. પણ રાત પડતાં તાવમાં પટકાઈ, આજુબાજુ ક્યાંક ડૉક્ટર મળે એવો સંભવ જ ન હતો. ત્યારે આખી રાત એ પ્રેમાળ પતિએ માથા પર કૉલનવૉટરનાં પોતાં મૂકયાં હતાં ને કહ્યું હતું ‘હું બેઠો છું ને તારી રક્ષા કરવાવાળો ! શોભા, તારો વાળ પણ વાંકો નહિ થાય.’

ભૂતકાળની એ યાદે બાનું હૈયું ભરાઈ આવ્યું. કેવો હતો એ પોતાનો પતિ ! કેટલો પ્રેમાળ ! કેટલો મહાન !

બાના મનમાં એકદમ જ એક તીવ્ર ઇચ્છા જાગી ઊઠી. જઈને પોતાનાં સંતાનો પાસે પોતાની જિંદગી વર્ણવવાની. છોકરાઓને પણ ખબર પડે કે પોતાના બાપ કેવા મહાન અને લોકોત્તર હતા. બાએ નજર ફેરવી સામેના ઓરડામાં જોયું.

જયશ્રી, એમની મોટી દીકરી હમણાં સાસરેથી અહીં રહેવા આવી હતી. આમ તો બાપુ ગુજરી ગયા પછી દોઢેક મહિને જ એ ચાલી જવાની હતી. પણ ત્યાં તો નાની દીકરીનું સગપણ નક્કી થવાથી એ રોકાઈ ગઈ હતી. પતિના મૃત્યુ પછી આટલી જલદી નાની દીકરીનું સગપણ કરવા માટે બાની ઈચ્છા ન હતી, પણ વિનયે બાને સમજાવ્યાં, -જુઓ બા, જિંદગી તો ચાલી છે એમ ચાલતી આવશે, ને ચાલવી જ જોઈએ. મીનાને આટલું સારું ઘર મળતું હોય તો બાપુજી કોઈ દિવસ ના પાડત ખરા કે?’

**બ-૨ આકૃતિ પરથી શબ્દો બનાવો.** **(૨)**




૧) -------------
૨) -------------
૩) -------------
૪) -------------

**બ-૩ ‘વિધવા સ્ત્રીની વ્યથા’ તમારા શબ્દોમાં વર્ણવો.** **(૨)**

## વિભાગ-૨ પદ્ય

પ્ર.૨ (અ) પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

અ-૧ આકૃતિ પૂર્ણ કરો.



ગુર્જર વાણી, ગુર્જર લહાણી, ગુર્જર શાણી રીત,
જંગલમાં પણ મંગલ કરતી, ગુર્જર ઉદ્યમ પ્રીત.
કૃષ્ણ દયાનંદ દાદા કેરી પુણ્ય વિરલ રસ ભોમ,
ખંડ ખંડ જે ઝૂઝે ગર્વે કોણ જાત ન કોમ?
અણકીધાં કરવાના કોડે, અધૂરાં પૂરાં થાય,
સ્નેહ, શૌર્ય ને સત્ય તણા ઉર, વૈભવ રાસ રચાય.

**અ-૨ નમૂના પ્રમાણે લખો.** **(૧)**

પ્રકાશ × અંધકાર

૧) અસત્ય × ....................

૨) નિષ્ફળ × .....................

અ-૩ કાવ્ય પંક્તિને આધારે ગુજરાતી વ્યક્તિની વિશેષતા લખો. (૨)

**(બ) પદ્યાંશના આધારે આપેલી કૃતિ કરો.**

**બ-૧ યોગ્ય રીતે જોડકાં જોડો.**

| | અ | બ |
|---|---|---|
| ૧) | જુદા થવાના | આદર |
| ૨) | ભાગ પાડવાના | હુંકાર |
| ૩) | હકકના | ભણકારા |
| ૪) | અજોડ | પડકારા |

થોડા ઝગડા, પણ જુદા થવાના પડકારા નથી,
ફરજ બજાવે, ક્યાંયે હકકના હુંકાર નથી,
ભોગવે સાથે ભાગ પાડવાના ભણકારા નથી,
પ્રેમ, ભાવ, સંપથી તરબતર છે. હા, આ...
માન, મર્યાદા સૌનાં જળવાય છે બહુ.
પણ ખબર ન પડે કોણ દીકરી? કોણ વહુ?
ભોજન, ભજન સાથે મળીને કરે સહુ,
અતિથિનો થતો અહીં અજોડ આદર છે. હા, આ.....

**બ-૨ કાવ્યમાં વપરાયેલાં સમાનાર્થી શબ્દ લખો.** **(૧)**

૧) મહેમાન ( )

૨) એકતા ( )

બ-૩ 'પણ ખબર ન પડે કોણ દીકરી કોણ વહુ?' આ પંક્તિ સાથે તમે સહમત છો કે નહિ? (૨)

## વિભાગ-૩ વ્યાકરણ

**પ્ર.૩ (અ) વાક્યના પ્રકારો આધારિત કૃતિ.** **(૨)**

૧) અરર ! પણ એના તો બિચારીના બે બચ્ચાં હતા (વાક્યનો પ્રકાર લખો)

૨) ફાર્મમાં ગીત ગાજો [ ] (વાક્યનો પ્રકાર લખો)

૩) મોતીરામને વાતમાં સમજણ પડી નહીં.

(પ્રશ્નાર્થ વાક્ય) (નિષેધ વાક્ય) (આજ્ઞાર્થ વાક્ય)

૪) અહીંથી એરપોર્ટનું વિહંગમ દશ્ય દેખાય છે.

(નિષેધ વાક્ય) (ઉદ્‌ગાર વાક્ય) (વિધાન વાક્ય)

**બ) સંધિનો યોગ્ય વિગ્રહ** **(૨)**

૧) દયાનંદ - [દયા + નંદ] [દય + આનંદ] [દયા + આનંદ]

૨) વાતાવરણ - [વાત + વરણ] [વાતા + આવરણ] [વાત + આવરણ]

૩) સૂર્યોદય - [સૂર્ય + ઉદય] [સૂર્યા + ઉદય] [સૂર્ય + દય]

૪) સદાચાર - [સદા + ચાર] [સત્ + આચાર] [સદ્ + ચર]

**ક) કૌંસમાં આપેલા રૂઢિપ્રયોગને રેખાંકિત જગ્યાએ વાપરી વાક્ય ફરીથી લખો. (૨)**

(વાતમાં માલ ન હોવો, મથામણ કરવી, નામના થઈ, જોડાઈ જવું)

૧) અમદાવાદમાં એક સારા ડૉક્ટર તરીકે તેમની ખ્યાતિ થઈ.

૨) હું નવા નિશાળિયા તરીકે પ્રયત્ન કરતો હતો.

૩) રોટોરુવા માટેની ટુરમાં હું શામેલ થયો હતો.

૪) આપણાંવાળા જીતે એ વાત સાચી નથી.

## વિભાગ-૪ લેખન

**પ્ર. ૪ અ) પત્રલેખન કરો.**

ઉનાળાની રજાઓમાં તમારા શહેરમાં આવવા મિત્રને આમંત્રણ આપતી પત્ર લખો.



**બ) નીચેનાં વાક્યોનું ગુજરાતીમાં ભાષાંતર કરો.** **(૪)**

1) Experience is the best teacher.
2) Empty vessel makes the much noice.
3) Swami Vivekanand was born in 1863 in calcutta
4) Gandhiji believed in truth and non-violence.

**ક) મુદ્દાના આધારે વાર્તાલેખન કરો.** **(૪)**

એક રાજા ....... નગરચર્ચા જોવા માટે નીકળવું .......રસ્તા વચ્ચે પથ્થર .......રાજાએ પથ્થર નીચે એક ચિઠ્ઠી અને એક સોનામહોર મૂકવી ....... ખેડૂતનું પસાર થવું ....... અથડાવું ....... ચાલ્યા જવું ....... ઘોડાગાડીવાળાનું પસાર થવું ....... અથડાવું ....... બડબડાટ કરી ચાલ્યા જવું ....... દૂધવાળીનું અથડાવું ....... ઓળંગીને ચાલ્યા જવું ....... એક વિદ્યાર્થીનું પસાર થવું ....... રસ્તા વચ્ચે પથ્થર જોવો ....... પથ્થર ખસેડવો .......ચિઠ્ઠી અને સોનામહોર .......ચિઠ્ઠી વાંચવી ''પથ્થર ખસેડવાનું ઈનામ ....... બોધ .......શીર્ષક.

**અથવા**

**ક) આપેલા મુદ્દાના આધારે નિબંધ લેખન કરો.**

ખોવાયેલું બાળપણ પાછું મળે તો......... !

- ❖ જીવનની ત્રણ અવસ્થા
- ❖ ત્રણેય અવસ્થાનું મહત્વ
- ❖ બાળપણનો મુક્ત આનંદ
- ❖ સ્વજનોનો પ્રેમ
- ❖ આજની અવસ્થાની મુશ્કેલી
- ❖ ખોવાયેલું બાળપણ પાછું મળે તો?
- ❖ ઉપસંહાર

---------xxx-----------